



આજથી મોદી રશિયા-મધ્ય એશિયાના પ્રવાસે Page-6

સુવિચાર : વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ તરીકે કબરમાં સૂઇ જવા કરતાં રોજ રાતે કંઇક સારું કામ કરીને સૂઇ જવામાં મને વધારે રસ છે - સ્ટીવ જોબ્સ


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૭ | ૬ જુલાઇ, ૨૦૧૫, સોમવાર ; અધિક અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# અફવાના આતંકે સર્જી અફડાતફડી

## ગાંધીનગર જિલ્લાના હરસોલી ગામે ચોર સમજીને ટોળાએ મજુરને સુતળીથી બાંધીને માર્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચોર-લુંટારૂ ટોળકી આવતી હોવાથી અફવાઓને ડામવા પોલીસતંત્ર સહિત વહીવટીતંત્ર પણ અનેક બેઠકો કરીને ગ્રામજનોને સમજાવવા પ્રયત્ન કરે છે, પરંતુ ગ્રામજનોના મગજમાં ઘર કરી ગયેલી આ અફવા નિકળવાનું નામ નથી લેતી...! આજે પણ કોઈ ને કોઈ વ્યક્તિને ગ્રામજનો ચોર-લુંટારૂ સમજીને ધોઈ નાંખે છે. આજે વહેલી સવારે તો આ અફવાને કારણે બનેલી ઘટના કદાચ ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ

**૧૨૦૦નાં ટોળા સામે લુંટ-રાયોટીંગનો ગુનો નોંધાયો : નદીનાં પટેથી ચાલતા જઈ રહેલા મજુરને ગ્રામજનો ચોર-લુંટારૂ સમજી બેઠા : મજુરને પકડીને આશરે ૧૨૦૦નું ટોળુ ઢસડીને છેક ગામના મંદિરે લઈ ગયુ અને સુતળીથી બાંધીને ઢોર માર માર્યો : પોલીસે તપાસ કરતાં નિર્દોષ મજુર હોવાનું ખુલ્યુ : લુંટ-ધાડ, એટ્રોસીટી, રાયોટીંગ અને મારી નાંખવાની કોશીષનો ગુનો ૧૨૦૦ના ટોળા સામે દાખલ : બે સપ્તાહનાં રાત્રી ઉજાગરાનું ખુન્નસ ગ્રામજનોએ મજુર પર કાઢી નાંખ્યુ**

હોય તો નવાઈ નહી...! આશરે ૧૨૦૦ ગ્રામજનોના ટોળાએ નદીના પટ પાસેથી પસાર થઈ રહેલા એક નિર્દોષ મજુરને ચોર સમજીને પકડી પાડ્યો અને બે સપ્તાહના રાત્રી ઉજાગરાનું ખુન્નસ તે મજુર પર કાઢી નાંખ્યું હતું. મજુરને બાંધીને મારતા-મારતા ગામના મંદિરે લઈ જવાયો અને જાહેરમાં તેની ધોલાઈ કરી અધમુઓ કરી દેવામાં આવ્યો હતો. હાલ મજુર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તો બીજી તરફ દહેગામ પોલીસે હરસોલી ગામના આશરે ૧૨૦૦ ગ્રામજનોના ટોળા સામે લુંટ-ધાડ, રાયોટીંગ, એટ્રોસીટી, જાનથી મારી નાંખવાની કોશીષ સહીતના ગુના દાખલ કરી સખત કાર્યવાહી હાથ ધરતાં સોંપો પડી ગયો છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત હરસોલી ગામમાં આજે વહેલી સવારે ગ્રામજનોના હજારોના ટોળાએ એક નિર્દોષ મજુરને મારી-મારીને અધમુવો કરી નાંખ્યો હતો. મુળ પંચમહાલના ઝાલોદ વિસ્તારનો અને હાલ કોટેશ્વર પાસે મજુરી કામ કરતો મજુર શિવરામ ભુરાભાઈ આંબલીયા નદીના પટ પરથી ચાલતો ચાલતો જઈ રહ્યો હતો. અઢી વર્ષ પહેલા તેની પત્નિના મૃત્યુ બાદથી શિવરામ આમ જ ફરતો હોવાનું જાણવા મળ્યુ છે. વટવા પાસે નદીના પટમાંથી શિવરામ નિકળ્યો ત્યારે તેને જોઈને કોઈ છોકરાએ ચોર-ચોર બુમો પાડી અને શિવરામ ડરનો માર્યો આગળ ભાગ્યો...! આગળ હરસોલીના ગ્રામજનોએ બુમો સાંભળી એટલે નદીના પટમાં દોડ્યા ને મજુર શીવરામને પકડી પાડ્યો હતો. કાંઈ જ જોયા...જાણ્યા કે પુછ્યા વગર બે સપ્તાહથી રાત્રી ઉજાગરા કરીને ચોર-લુંટારાના ખૌફમાં જીવી રહેલા અંદાજે ૧૨૦૦ના ગ્રામજનોના ટોળાએ શિવરામને ઢોર માર માર્યો અને મારતા-મારતા ગામના વચ્ચોવચ મંદિરના થાંભલે સુતળીથી બાંધી દીધો...! ચારેય તરફ ગ્રામજનોનું ટોળુ અને વચ્ચે મંદિરના થાંભલે બાંધેલો મજુર...! એક ફિલ્મી દશ્ય જેવો જ માહોલ સર્જાયો હતો. ગ્રામજનોએ તેની સાથે મારઝુડ કરી અને તેની ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી પણ મોબાઈલમાં કરી લીધી હતી. ગાંધીનગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને અધમુવો થઈ ગયેલા મજુરને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જઈને ઝીણવટભરી તપાસ કરી તો હકિકત બહાર આવી કે તે ખરેખર મજુર જ હતો. નિર્દોષ મજુરને ચોર સમજીને ધોઈ નાંખનાર હરસોલી ગામના ટોળાએ મજુરના ખીસ્સામાં પડેલી રૂ. ૭૦૦ પણ લુંટી લીધા હતા. દહેગામ પોલીસે આશરે ૧૨૦૦ ગ્રામજનોના ટોળા સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૯૫, ૩૨૫, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૪૪, જી.પી. એક્ટ ૧૩૫ અને એટ્રોસીટીની કલમ મુજબ ગુના દાખલ કરી કડક કાર્યવાહી શરૂ કરી છે.

### પોલીસે ગુનેગાર ગ્રામજનોને શોધવા ફોટો-વિડીયોગ્રાફીની મદદ લીધી

અંદાજે ૧૨૦૦ના ટોળાએ આચરેલા ગુનામાં કોણે-કોણે ગુનામાં મદદગારી કરી હતી તેની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. પોલીસે ૧૨૦૦ના ટોળા સામે ગુનો નોંધી ગ્રામજનોએ જ ઉતારેલા વીડીયો અને જાહેરમાં મજુરને માર મારતા ખેંચેલા ફોટો મેળવીને તેને આધારે આરોપીઓને પકડવા માટે દોડધામ શરૂ કરી છે. સાંજ સુધીમાં ૫૫ થી વધુ વ્યક્તિઓની યાદી ગુનેગાર તરીકેની બની ગઈ હતી.



(તસવીર : વિપુલ ચૌહાણ)

# ગુણોત્સવ-પમાં નબળાં પરિણામને સુધારવા ૩૧ ઓગષ્ટ સુધી ખાસ ઉપચારાત્મક વર્ગો

**નબળી કામગીરી કરનાર શિક્ષક તેમજ મૂલ્યાંકનની ખોટી વિગતો આપનાર જવાબદાર સામે શિસ્ત વિષયક પગલાં લેવાની ચીમકી : ડી વર્ગની શાળાના શિક્ષકોએ શાળામાં સમય કરતાં એક કલાક વહેલા અને શાળા છુટ્યા પછી એક કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૫

૩૧ ઓગષ્ટ સુધીમાં વાંચન-ગણન અને લેખનમાં નબળા બાળકોને ઉપચારાત્મક વર્ગ શિક્ષણ દ્વારા શિક્ષણના સામાન્ય પ્રવાહ સાથે જોડી દેવામાં આવે નહિ તો આ બાબતમાં નબળી કામગીરી કરનારા શિક્ષકો સામે શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે.

રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ ઉપચારાત્મક વર્ગ શિક્ષણ અંગે તા. ૨૯-૬-૧૫ના રોજ જિલ્લાના શાસનાધિકારીઓને પાઠવેલા પત્રમાં આ તાકીદ કરી છે.

ખાસ કરીને બી થી ડી ગ્રેડ ધરાવતી શાળાઓમાં આ વર્ગો શરૂ કરવા જણાવાયુ છે. ગુણોત્સવ-પના જાહેર થયેલ પરિણામોમાં આવા વિદ્યાર્થીઓની યાદી બનાવી અલગ તારવી તેમને સાંકળવાની ખાસ સૂચના આ પત્રમાં આપવામાં આવી છે.

આવી શાળાના શિક્ષકોએ શાળાના સમય કરતાં એક કલાક વહેલા અને શાળા છુટ્યા પછીના એક કલાક સુધી શાળાનું કેમ્પસ છોડવાનું નથી. ધો ૩ થી ૮ના બાળકો પૈકી વાંચન-લેખન-ગણનમાં જરૂરિયાત મુજબ સવારે ૧૧ થી ૧૨ દરમ્યાન વાંચન-લેખન અને બપોરે ૩ થી ૪ દરમ્યાન ગણનનું ઉપચારાત્મક કાર્ય જે તે ધોરણના વર્ગશિક્ષકે જ કરાવવાનું રહેશે.

ગુણોત્સવ-પમાં શૈક્ષણિક બાબતોમાં 'ડી' ગ્રેડ મેળવનાર તમામ શાળાઓમાં ઉપચારાત્મક શિક્ષણ ઉપરાંત બે કલાક વધારાની શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.

ધો. ૭ અને ૮માં ઉપરોક્ત સમયમાં વાંચન-લેખન અને ગણન આધારિત ઉપચારાત્મક કાર્ય કરવાનું રહેશે. આ બાળકોનું વાંચન-લેખન અને ગણનમાં સ્તર નક્કી કરવા જે તે વર્ગ શિક્ષકે બેઝલાઈન કરવાનું રહેશે. જેમાં વાંચન અને લેખન માટે જે તે ધોરણનું ગુજરાતી પાઠ્યપુસ્તક તથા ગણનમાં અંકજ્ઞાન તથા ચાર ગાણિતિક ક્રિયાઓને સમાવતા પ્રશ્નોનો ઉપીયોગ કરવાનો રહેશે.

● અનુસંધાન પાન-૨ પર

# જિલ્લામાં ગ્રામસભા અભિયાનને નબળો પ્રતિસાદ

**૧૪૪ ગ્રામસભામાં ૧૭૨ પ્રશ્ન રજુ થયા ૪૪ ટકા પ્રશ્નો વણઉકલ્યા રહ્યા : બે તાલુકામાં મહિલાઓની હાજરી એક હજાર કરતાં પણ ઓછી : ઉચ્ચ પદાધિકારીઓ-અધિકારીઓનો ગ્રામસભામાં ખાલીપો**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા ગ્રામસભા અભિયાનના ૨૭મા તબક્કાને પણ નબળો પ્રતિસાદ સાંપડયો છે એટલું જ નહિ આ ગ્રામસભામાં રજુ થયેલા ૪૪ ટકા પ્રશ્નો વણઉકલ્યા રહેવા પામ્યા છે જયારે ગ્રામસભામાં સરેરાશ ૧.૧૯ પ્રશ્ન રજુ થયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સંપન્ન થયેલ ૧૪૪ ગ્રામસભાઓમાં ૧૭૨ પ્રશ્નો લોકોએ રજુ કર્યા છે આ ગ્રામસભા અભિયાનમાં માત્ર ૨૫૮૫૬ લોકોએ હાજરી આપી છે. જેમાં ૧૭૮૨૬ પુરુષ અને ૮૫૦૩ મહિલાઓનો સમાવેશ થાય છે.

મહિલા સશકિતકરણ પર જયારે સૌથી વધુ ભાર રાજય સરકાર આપી રહી છે અને તંત્ર પણ આ મુદ્દે સતત કામ કરી રહ્યું છે ત્યારે આટલી પાંખી મહિલાઓની હાજરીને લઈ તંત્રની ઊંઘ ઉડી જવા પામી છે.

જિલ્લાના ચારેય તાલુકાઓમાં યોજાયેલ ગ્રામસભા અભિયાનમાં મહિલાઓની સૌથી ઓછી હાજરી કલોલ તાલુકામાં નોંધાઈ છે. જયાં હાજરી આપનાર મહિલાઓની સંખ્યા માત્ર ૪૮૭ છે. આ પછી ગાંધીનગર તાલુકો આવે છે જયાં માત્ર ૯૯૯ મહિલાએ હાજરી આપી છે. સૌથી વધુ જાગૃતિ દહેગામ તાલુકામાં મહિલાઓએ દર્શાવી છે. જયાં ૫૯૦૫ મહિલાઓએ હાજરી આપી છે જયારે માણસામાં ૧૧૧૨ મહિલાઓએ હાજરી આપી છે.


આ ગ્રામસભા અભિયાન સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પૂર્વે અતિ મહત્વનું રાજકીય આગેવાનો લેખાવી રહ્યા હતા પરંતુ નબળા પ્રતિસાદને જોતાં હવે રાજકીય આગેવાનોના પગ નીચેથી ધરતી સરકી રહી હોય તેવું તેમને લાગવા માંડયુ છે. ઉચ્ચ પદાધિકારીઓ આ અભિયાનમાં જોડાયાની વિગતો જાણવા મળી શકી નથી. આ ઉપરાંત સરકાર કક્ષાએથી પણ પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ, કલેકટર કે જિલ્લા વિકાસ અધિકારી પણ જોડાયા હોય તેવું જાણવા મળેલ નથી.

આ ગ્રામસભા અભિયાન ગ્રામ વિધાનસભા બની રહે તેવા વિશાળ ફલક સાથે આખું આયોજન કરાયું હતું પરંતુ જે રીતે જાકારો મળી રહ્યો છે તેથી તંત્ર માટે હવે નવા પ્રશ્નો ઉભા થવા પામ્યા છે.

આ ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા ૧૭૨ પ્રશ્નો પૈકી ૭૧ પ્રશ્નોનો જ સ્થળ પર નિકાલ થયો છે. ૮ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ

● અનુસંધાન પાન-૨ પર


ડિજિટલ ઇન્ડિયાની અમારી ઊડાનમાં
અમે ઝંખીએ છીએ આપના આશીર્વાદ




'જિઓ', એક પ્રતિબધ્ધતાનું પ્રતીક છે જે પ્રત્યેક ભારતીયને નવી જિંદગી જીવવા સમર્થ બનાવવાનાં તમારાં સપનાંને ડિજિટલ પદ્ધતિએ સાકાર કરશે.

જ્યાં દુનિયાના કોઇ પણ ખૂણે રહેવા છતાં સૌ કોઈ માહિતીના સુપર હાઇવેથી સંકળાયેલા રહેશે.

'જિઓ' ખરેખર, એક અબજ જિંદગીઓ માટે આપના અંતરના આશીર્વાદ છે.

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઇને હણે, ના કોઈથી હણાય.
- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં કોકિલાબેન ધીરુભાઇ અંબાણી તથા પરિવાર

Reliance Industries Limited
Growth is Life
www.ril.com



મહેસુલ તલાટી
૧૦૦% ગેરંટીથી રિઝલ્ટ આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા
નવી બેચ તા.૯/૭/૧૫ થી શરૂ
સમયઃ- સવારે ૮ થી ૧૦, સાંજે ૭ થી ૯
ફી માત્ર 12999/- •ડેમો લેક્ચર ભરી જાતે નિર્ણય લો
નોંધઃ- તા.૬-૭-૮-૯ ના રોજ એડમિશન લેનારનેજ આ ફી નો લાભ મળશે.
વર્ગ-૩ માસ્ટર કોર્ષ (૬ માસ) ફી માત્ર 25999/- પ્રવેશ ચાલુ છે
Classmate ACADEMY
Hitesh Sir 98248 87985
સે.૩, ઘ-૧.૫ બસ સ્ટેન્ડની બાજુમાં, આંધ્રા બેન્કની પાસે, ગાંધીનગર



એચ ડી એફ સી બેંક
પર્સનલ લોન યોગ્યતા 1 મિનિટમાં*
સરકારી કર્મચારીઓ માટે
સ્પેશિયલ રેટ્સ
93764 48484